સમાજ સુરક્ષા પ્રભાગ હસ્તકની જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીઓમાં ચીફ ઓફિસર(વર્ગ-૩) સંવર્ગની રદ થયેલ જગ્યાઓ પુન:જીવિત કરવા બાબત.

ગુજરાત સરકાર

સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ

ઠરાવ ક્રમાંક: SJED/msm/e-file/૧૭/૨૦૨૨/૧૬૪૪/છ

સચિવાલય, ગાંધીનગર.

તા.૧૪/૧૦/૨૦૨૨

**વંચાણે લીધા:-**

(૧) આ વિભાગના તા.૦૮/૦૫/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક: મકમ/૧૦૨૦૦૦/૪૮૫(૧)/૪૧૪૧૩૫/છ

(૨) આ વિભાગના તા.૨૩/૦૨/૨૦૧૫ના ઠરાવ ક્રમાંક: મકમ/૧૦૨૦૦૦/૪૮૫(૧)/૪૧૪૧૩૫/છ

(૩) આ વિભાગના તા.૦૩/૦૩/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક: મકમ/૧૦૨૦૦૦/૪૮૫(૧)/૪૧૪૧૩૫/છ

(૪) આ વિભાગના તા.૦૨/૦૩/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક: મકમ/૧૦૨૦૦૦/૪૮૫(૧)/૪૧૪૧૩૫/છ

(૫) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરના તા.૦૯/૦૩/૨૦૨૨ નો પત્ર ક્રમાંક:-મકમ/સી.ઓ./પુન:જીવિત/૧૫૫૮

**આમુખ:-**

વંચાણે લીધેલા ક્રમાંક(૧) થી (૪) પરના આ વિભાગના ઠરાવથી સમાજ સુરક્ષા પ્રભાગ હેઠળની જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીઓ અનુક્રમે જિ.નવસારી, ગાંધીનગર, પોરબંદર, નર્મદા,તાપી, પાટણ, ડાંગ, આણંદ ખાતેની ચીફ ઓફિસર(વર્ગ-૩) સંવર્ગની એક-એક જગ્યા એમ કુલ-૦૮ હંગામી જગ્યાઓ ત્રણ વર્ષ સુધી ભરી ન શકવાને કારણે રદ કરવામાં આવેલ. અગાઉ ચીફ ઓફિસરની બધી જ જગ્યાઓ તેની ફિડર કેડર પ્રોબેશન ઓફિસરમાંથી બઢતી આપીને ભરવામાં આવતી હતી. જે તે સમયે બઢતી પાત્ર કર્મચારીઓ ન હોવાથી આ જગ્યાઓ ત્રણ વર્ષ સુધી ભરી ન શક્વાને કારણે રદ થયેલ છે. નિયામકશ્રી(સ.સુ.)એ વંચાણે લીધેલા ક્રમાંક(૫) પરના પત્રથી ચીફ ઓફિસરની રદ થયેલ કુલ-૦૮ હંગામી જગ્યાને બઢતી પાત્ર ઉમેદવારો પ્રાપ્ત થવાના કારણે પુન:જીવિત કરવા દરખાસ્ત કરેલ. જેને મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે સમાજ સુરક્ષા પ્રભાગ હેઠળની જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીઓ અનુક્રમે જિ. નવસારી, ગાંધીનગર, પોરબંદર, નર્મદા, તાપી, પાટણ, ડાંગ, આણંદ ખાતેની ચીફ ઓફિસર (વર્ગ-૩) સંવર્ગની એક-એક એમ કુલ-૦૮ રદ થયેલ હંગામી જગ્યાઓ ચાલુ નાણાકીય વર્ષ- ૨૦૨૨-૨૩માં તેની ફિડર કેડર પ્રોબેશન ઓફિસરમાંથી બઢતીથી ભરી લેવાની શરતે પુન:જીવિત કરવાની આથી મંજુરી આપવામાં આવે છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૦૯/૧૦/૨૦૨૨ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દ્રષ્ટિ શાહ)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી , નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાકીય સલાહકારશ્રી(સા.ન્યા) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- એકાઉન્ટનન્ટ જનરલશ્રી ગુજરાત, અમદાવાદ/રાજકોટ
- સંબંધિત બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી સહ જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ, (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- સંબંધિત જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ, (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટમાં છ- શાખાના ઠરાવોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે.
- સિલેક્ટ ફાઇલ